ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગર (ઉ)માં ૩ ઉમેદવારી પત્રો ભરાયા

## જિલ્લાની પાંચ બેઠક માટે પાંચ ઉમેદવારી પત્રો ભરાયા : અત્યાર સુધીમાં ૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે આજે વધુ પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી નામના પ્રાદેશિક પક્ષના ઉમેદવારનો પણ સમાવેશ થાય છે.

આજે સૌથી વધુ ઉમેદવારીપત્રો ગાંધીનગર (ઉ) બેઠક પર ભરાયા છે. ગાંધીનગર (ઉ) બેઠક માટે બે અપક્ષ ઉમેદવાર દિલીપભાઈ ગોસ્વામી અને હિમાંશુ ભરતભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાદેશિક પક્ષ સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી તરફથી વાળંદ ચંદુભાઈ આશારામે ઉમેદવારી નોંધાવી છે.

માણસા અને દહેગામ વિધાનસભા બેઠક પર બે ઉમેદવારી પત્રો ભરાયા છે. જે બન્ને અપક્ષ ઉમેદવાર છે.

માણસા બેઠક માટે પરમાર પરષોત્તમભાઈ ચતુરભાઈ તથા દહેગામ બેઠક માટે પટેલ મેહુલ જશુભાઈનો સમાવેશ થાય છે.

જિલ્લાની પાંચ બેઠક માટે અત્યાર સુધીમાં ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જિલ્લાની પાંચેય બેઠક માટે મુખ્ય સ્પર્ધક પક્ષ ગણાતા ભાજપ-કોંગ્રેસ દ્વારા હજુ સત્તાવાર ઉમેદવાર જાહેર કરાયા નથી.

આ ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ સોમવાર છે. શનિ-રવિની રજા હોવાથી શુક્રવારે અને સોમવારે જ ઉમેદવારીપત્રો ભરી શકાશે. આ બે દિવસ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરનારાઓનો રસ રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

આજથી જિલ્લામાં રાજકીય ગરમાવો વધ્યા છે. ભાજપના સત્તાવાર ઉમેદવારોની જાહેરાત આવતીકાલે બપોરે થઈ શકે તેમ છે જ્યારે કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારોની જાહેરાત ૨૬મીએ થશે એમ મનાઈ રહ્યું છે.

# આપના ઉમેદવાર કેટલીક નાની ભૂલોમાં અટવાતા ઉમેદવારી ના કરી શક્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર (ઉ) બેઠક માટે આજે ઉમેદવારી પત્રક ભરવા આવેલા આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગુણવંતભાઈ પટેલ કાનૂની પ્રક્રિયા સહિતની કેટલીક અન્ય બાબતોને લઈ ઉમેદવારીપત્ર નિયત સમય-મર્યાદામાં ભરી શક્યા ન હતા.

આજે બપોરે ૨.૧૫ની આસપાસ તેઓ તેમના સમર્થકો સાથે કલેક્ટર કચેરી આવી પહોંચ્યા હતા પરંતુ નોટરી કરાવવાની તેમજ ફોર્મ કાર ભૂલી જવા જેવી સામાન્ય અને નાની બાબતોમાં અટવાઈ જતાં સમય-મર્યાદા પૂર્ણ થઈ ગઈ હતી.

ગાંધીનગર (ઉ) બેઠક માટે આજે વધુ ૩ ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. જેમાં બે અપક્ષ અને એક પ્રાદેશિક પક્ષના ઉમેદવારનો સમાવેશ થાય છે.

ઉમેદવારીપત્ર રજૂ કરવા માટે કોઈ પણ ઉમેદવાર આવે તેણે ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો લાવવાની જોગવાઈ છે. તે ઉપરાંત ચૂંટણી અધિકારી અથવા મદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સાથે વધુમાં વધુ ચાર વ્યક્તિ મળી કુલ પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકે તેવી જોગવાઈ છે, તેવું પણ જિલ્લા ચૂંટણી અધિકારી સતીષ પટેલે જણાવ્યું હતુ.

# માણસામાં ૯૮ ઈચ્છુક ઉમેદવારો ફોર્મ લઈ ગયા

## પાંચ બેઠક માટે ૨૫૯ ઉમેદવારી પત્રો લઈ જવાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠક માટે આજ સુધીમાં ૨૫૯ જેટલા ઈચ્છુક ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારીઓની કચેરીમાંથી ઉપાડતાં જિલ્લામાં બહુકોણીય જંગ ખેલાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

સૌથી વધુ માણસા બેઠક માટે ૯૮ ઉમેદવારીપત્રો ઈચ્છુકો દ્વારા લઈ જવામાં આવ્યા છે. આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ) બેઠક આવે છે જ્યાં ૪૬ ઈચ્છુક ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે. કલોલ બેઠક માટે ૪૪, ગાંધીનગર (દ) બેઠક માટે ૩૬ તેમજ દહેગામ બેઠક માટે ૩૩ ઉમેદવારી કરવા ઈચ્છુકો ફોર્મ લઈ ગયા છે.

જિલ્લામાં જે રીતે ઉમેદવારી પત્રોનો ઉપાડ થઈ રહ્યો છે તે જોતાં અપક્ષ ઉપરાંત નાના અને પ્રાદેશિક પક્ષો પણ આ જંગમાં ઝુકાવશે તેમ મનાઈ રહ્યુ છે. સોમવારે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

# શું કહે છે ગાંધીનગર ઉત્તર બેઠકના સંભવિત ઉમેદવારો ??

## પાર્ટી ટિકિટ આપશે તો કેવા કાર્યોને અગ્રિમતા આપશે અને જો ટિકિટ ના આપે તો તેમનો અભિગમ શું રહેશે ?

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં બીજા તબક્કાના મતદાનમાં જેનો સમાવેશ છે તેવી ગાંધીનગર ઉત્તર બેઠક પર કોને ટિકિટ મળશે તે અંગે ભાજપ અને કોંગ્રેસ બંનેમાં ભારે અવઢવ ચાલી રહી છે. હવે જ્યારે ઉમેદવારી ફોર્મ ભરવામાં ગણતરીનો સમય જ બાકી રહ્યો છે ત્યારે બંને પક્ષના આ બેઠક પરના સંભવિતો જો તેમને ટિકિટ મળે તો તેમના મત વિસ્તાર માટે શું કરવા માંગે છે અથવા જો તેમની ટિકિટ કપાય તો તેમનું વલણ શું રહેશે તે જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો હતો.

**● અશોકભાઈ પટેલ -**
**પ્રવર્તમાન ધારાસભ્ય, પક્ષ : ભાજપ**

**જો ટિકિટ રિપિટ કરાશે તો ?**



'મારૂ લક્ષ્ય ભાજપના સૂત્ર મુજબ સૌનો સાથ, સૌનો વિકાસ'ને અનુલક્ષીને ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટેનું રહેશે. આમ તો મારી ટર્મ દરમ્યાન મેં લગભગ તમામ લોકસેવાના કાર્યો પૂરા કરવા પ્રયત્ન કર્યો છે પરંતુ જો કોઈ બાકી રહી ગયા હશે તેને પુરા કરવા પ્રાધાન્ય આપીશ.

**જો 'નો રિપિટ' મુજબ ટિકિટ કપાશે તો ?**

"પાર્ટી દ્વારા જે ઉમેદવારને પસંદ કરવામાં આવશે તેને હું મારો ભાઈ ગણી તેને જીતાડવા માટે ઉમેદવાર કરતા પણ વધુ મજબુતીથી કાર્ય કરીશ. ગાંધીનગર ઉત્તર બેઠક પરથી ભાજપની જ જીત થાય તે મારૂ લક્ષ્ય રહેશે અને પાર્ટી જે નિર્ણય લેશે તે મને મંજૂર રહેશે."

**● નિશિતભાઈ વ્યાસ - પક્ષ : કોંગ્રેસ**

**જો પાર્ટી ટિકિટ આપશે તો ?**



"અમારી સેવાની કદર કરી જો પાર્ટી ટિકિટ આપશે તો હું કોંગ્રેસના વિજય માટે બનતા તમામ પ્રયત્નો કરીશ. ગાંધીનગર ઉત્તર બેઠક પર જો હું જીતીશ તો શહેરના પ્રાણ પ્રશ્નો ઉકેલવાની દિશામાં કાર્યરત રહીશે જેમાં સેક્ટરોની શાળાઓ જે બિસ્માર હાલતમાં છે તે અંગે રજૂઆત કરવા સાથે આરોગ્ય અને શિક્ષણ સહેલુ અને સસ્તુ થાય તે માટે પાર્ટીના ચૂંટણી ઢંઢેરા મુજબ કાર્યરત રહીશ."

**જો પાર્ટી ટિકિટ ના આપે તો ?**

"અમે પેઢીઓથી કોંગ્રેસ પક્ષમાં છીએ, ગત ચૂંટણી વખતે પણ અમને ટિકિટ નહોતી મળી છતાં હંમેશા પક્ષને વફાદાર રહી કાર્ય કર્યુ છે, ત્યારે પણ પક્ષના તિરંગા નીચે ઉભા હતા અને હંમેશા રહીશુ."

**● પ્રવિણભાઈ પટેલ,**
**મેયર, મહાનગરપાલિકા, પક્ષ : ભાજપ**

**જો પાર્ટી ટિકિટ આપશે તો ?**



"સ્માર્ટસીટી માટે જે વૈશ્વિક માપદંડો છે તે મુજબ ગાંધીનગર શહેરનો વિકાસ થાય, સ્વચ્છતામાં ગાંધીનગર સમગ્ર દેશમાં પ્રથમ પાંચ નંબરમાં સ્થાન પ્રાપ્ત કરે તે માટે પ્રયત્નો કરીશ.

**જો પાર્ટી ટિકિટ ના આપે તો ?**

"જો ટિકિટ નહી મળે તો પણ હું પાર્ટીના શિસ્તબદ્ધ કાર્યકર્તા તરીકે પાર્ટીનો નિર્ણય સ્વીકારી પાર્ટીને વિજય બનાવવામાં લાગી જઈશ. પાર્ટી મને જે જવાબદારી સોંપશે તેને હું નિષ્ઠાથી નિભાવીશ."

**● મુકેશભાઈ પટેલ - પક્ષ : કોંગ્રેસ**

**જો પાર્ટી ટિકિટ આપે તો ?**



"જો આ બેઠક પર હું વિજેતા બનીશ તો કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ઢંઢેરાને વધુમાં વધુ આવરી લઈ તે મુજબ કાર્ય કરીશ. આ ઉપરાંત ગાંધીનગરમાં કર્મચારીઓના પ્રશ્નો સમજી તેને ઉકેલવા, પાટનગર રેલવે સ્ટેશનને ૨૪ કલાક ધમધમતુ કરવા પ્રયાસ કરવા સાથે શહેરના બગીચા-રંગમંચોને પણ આધુનિક બનાવીશ."

**જો પાર્ટી ટિકિટ ના આપે તો ?**

"પાર્ટી જે ઉમેદવારની પસંદગી કરશે તેને વિજય બનાવી કોંગ્રેસને વિજય બનાવવું તે જ મારૂ ધ્યેય છે અને રહેશે. પક્ષની પોલીસી મારા માટે એક માત્ર આદર્શ રહેશે અને પક્ષ જે નિર્ણય લેશે તે મને મંજૂર રહેશે." આ સાથે ભાજપમાંથી અન્ય સંભવિત ઉમેદવાર તરીકે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તથા કોંગ્રેસના અન્ય સંભવિત ઉમેદવાર સી.જે. ચાવડાનો પણ સંપર્ક કરવા પ્રયાસ કરાયો હતો પરંતુ સંજોગો વશાત તેમનો સંપર્ક ના થઈ શકતા તેમનો અભિગમ જાણી શકાયો નથી.

# ખર્ચ નિયંત્રણ પરની અમલવારી માટે જિલ્લામાં ૩૬ ટીમો કાર્યરત

## ૧૦ હજારથી વધુ વાહનોની ચકાસણી કરવામાં આવી છે : ૨૨૦૬ વ્યક્તીની ચકાસણી કરી છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા રૂ. નવ લાખથી વધુની રોકડ રકમ પકડવા સાથે તેની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૧૦,૨૬૦ જેટલા વાહનોની ચકાસણી કરવામાં આવી હોવાનું અધિક જિલ્લા કલેક્ટર એચ.એન. જાડેજાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં ખર્ચ નિયંત્રણની અમલવારી માટે ૧૫ ફ્લાઈંગ સ્કવોડની ટીમ તથા ૨૧ ટીમો સ્ટેટીક સર્વેલન્સની ટીમો કાર્યરત થઈ ચુકી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગમાં ચૂંટણી ખર્ચના નિયંત્રણની અમલવારી માટે ફ્લાઈંગ સ્કોર્ડ ટીમની વિધાનસભા મત વિભાગનુસાર ૩ ટીમ મળી કુલ ૧૫ ટીમો કાર્યરત કરવામાં આવી છે. એફ.એસ.ટી. દ્વારા તા. ૨૦મી નવેમ્બર સુધીમાં કુલ ૫૯૯ સ્થળોની મુલાકાત કરીને ૯,૭૫૬ વાહનોની ચકાસણી કરી છે. જેમાં ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિભાગમાં કુલ ૩૦૫૭ સૌથી વધુ વાહનોની ચકાસણી કરવામાં આવી છે. તે ઉપરાંત દહેગામમાં ૧૪૪૭, ગાંધીનગર (દ)માં ૧૮૨૭, માણસામાં ૧૭૨૧ અને કલોલમાં ૧૭૦૪ વાહનોની ચકાસણી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગમાં કુલ ૨૧ ટીમો સ્ટેટેસ્ટીક સર્વેલન્સની કાર્યરત કરવામાં આવી છે. તેમજ ૫ ટીમો રીઝર્વ રાખવામાં આવી છે. સ્ટેટેસ્ટીક સર્વેલન્સની ટીમ દ્વારા જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ-૯૦૪ વાહનો અને ૨૨૦૬ વ્યક્તિઓની ચકાસણી કરવામાં આવી છે. એસ.એસ.ટી. દ્વારા લેકાવાડા પાસેથી રાજકીય હોદ્દદાર પાસેથી રૂ. ૯ લાખ ૯૬ હજાર પકડ્યા હતા. જે અંગે ચિલોડા પોલીસ મથક ખાતે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.



ડીજીટલ પ્રચાર રથ - ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર માટે આજથી ડીજીટલ પ્રચારરથ રાજ્યના ખૂણે ખૂણે ફરી વળશે... કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સિદ્ધિઓ અને ભાજપના સંકલ્પ પત્રની વિગતો છાપી અધ્યતન ટેકનોલોજીવાળો રથ ભાજપનો પ્રચાર કરશે...

# કેન્દ્રીય ચૂંટણી પંચે ૧૬૩ મુક્ત પ્રતિકો જાહેર કર્યા છે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ૧૬૩ પ્રતીક મુક્ત રાખવામાં આવ્યા છે. તો કેટલાક પ્રાદેશિક પાર્ટીઓ માટે સિમ્બોલ અનામત રાખવામાં આવ્યા છે.

ચૂંટણી પંચે જે પ્રતીક મુક્ત રાખ્યા છે તેમાં ઘર, ફાનસ, પંખો, પેટી, નાળિયેર, કાંસકો, કેળુ, સીડી, કુવો, તડબુચ, મોઝા, ટોફી, સ્કૂલબેગ, કૂકર, હેલ્મેટ જેવા પ્રતીકોનો સમાવેશ થાય છે.

પ્રાદેશિક પક્ષો જે નોંધાયેલા છે તેમાં લોકગઠબંધન પાર્ટીને કેન્ડલ, ભારતીય જનસંપર્ક પાર્ટી માટે ગેસ સિલીન્ડર, રાષ્ટ્રીય માનવ વિકાસપાર્ટી માટે પેન્સીલ, આપણી સરકાર પાર્ટી માટે કાતર અને સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી માટે વ્હીસલ જેવા નિશાન ફાળવવામાં આવ્યા છે.


પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૫૯ રાજકીય પક્ષો અને અપક્ષો દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવી છે. બીજા તબક્કામાં ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવામાં આવી રહ્યા છે.

# કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલ માટે ત્રણ રાષ્ટ્રીય નેતાઓને જવાબદારી

## ટિકિટ ફાળવણી બાદ અસંતોષને રોકવાનો હેતુ : હાઇકમાન્ડે હરિપ્રસાદ, મુકુલ વાસનિક અને ગુલામનબીને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી : પ્રથમ યાદી વેળા અસંતોષ

અમદાવાદ,તા.૨૩

ગુજરાત કોંગ્રેસમાં ટિકિટ ફાળવણી બાદ કેટલાક સ્થળોએ સ્થાનિક કોંગ્રેસ સંગઠન અને કાર્યકરોમાં ઉભી થયેલી નારાજગીના વાતાવરણને ખાળવા અને ચૂંટણી પહેલાં ડેમેજ કંટ્રોલની મહત્વની કવાયત હાથ ધરવા કોંગ્રેસ હાઈકમાન્ડે કોંગ્રેસના ત્રણ રાષ્ટ્રીય દિગ્ગજ નેતાઓને જવાબદારી સોંપી છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ગુજરાતમાં ડેમેજ કંટ્રોલ માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અને સિનિયર નેતા બી.કે. હરિપ્રસાદ, મુકુલ વાસનિક અને ગુલામનબી આઝાદને આ મહત્વની જવાબદારી સોંપી છે. આ ત્રણેય દિગ્ગજ નેતાઓ તેમની કવાયતના કામે લાગી ગયા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થયા બાદ પાસના નેતાઓમાં ભારે ઉહાપોહ મચ્યો હતો અને વાત મારામારી અને ગાળાગાળી સુધી પહોંચી હતી, જેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા તો, બીજીબાજુ, અમદાવાદ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પણ ટિકિટ ફાળવણીને



લઈ કોંગ્રેસના સ્થાનિક આગેવાનો-કાર્યકરોમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી. આ પરિસ્થિતિ વધુ વકરે નહી અને ચૂંટણીનો માહોલ શાંતિમય બની રહે તે હેતુથી કોંગ્રેસ હાઈકમાન્ડે સમગ્ર મામલાની ગંભીરતા સમજી તાત્કાલિક ધોરણે ગુજરાતના આ ક્ષેત્રોમાં ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરી છે. આ માટે કોંગી હાઈકમાન્ડ દ્વારા અમદાવાદ માટે કોંગ્રેસના સિનિયર નેતા ગુલામનબી આઝાદ, દક્ષિણ ગુજરાત માટે કોંગ્રેસના અનુભવી નેતા બી.કે.હરિપ્રસાદ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે કોંગ્રેસના અગ્રણી નેતા મુકુલ વાસનિકને મહત્વની જવાબદારી સોંપી છે. આ ત્રણેય રાષ્ટ્રીય નેતાઓને ઉપરોકત વિસ્તારોમાં ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરી કોંગ્રેસ તરફી વાતાવરણ પ્રસ્થાપિત કરવા અને ફરીથી કાર્યકરો અને સ્થાનિક આગેવાનોને કોંગ્રેસના પ્રચાર અને ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાવવા માટે કટિબધ્ધ કરવા સૂચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે આ ત્રણેય રાષ્ટ્રીય નેતાઓએ તાત્કાલિક અસરથી અમદાવાદ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે.

### જાહેર નોટીસ

**આર. એસ. દેસાઈ (જી.એ.એસ.) પ્રાંત અધિકારીશ્રી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરની કોર્ટમાં**

જન્મ-મરણ અપીલ નં. ૨૩/૨૦૧૭

**અરજદાર :** શ્રી જયાકુંવરબા ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ વાઘેલા
રહે. વાવડીનગર, મુ. ગાંઠિયોલ, તા. ઈડર, જી. સાબરકાંઠા

વિરૂદ્ધ

**સામાવાળા :** તલાટી કમ મંત્રી, નવાધરમપુર, તા.જી. ગાંધીનગર

**બાબત :** જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) નીચે વિવાદ અરજી

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે. કે અરજદારશ્રીના પતિ નામે 'વાઘેલા ધર્મેન્દ્રસિંહ દિલિપસિંહ'નું અવસાન તા. ૮/૨/૨૦૧૨ના રોજ મોજે-નવાધરમપુર, તા.જી. ગાંધીનગર ખાતે થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ. જેથી તે મુજબનું મરણનું પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીશ્રી, નવાધરમપુર, તા.જી. ગાંધીનગર કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ મરણ અપીલ નં. ૨૩/૨૦૧૭થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા કે વ્યક્તિને અરજદારશ્રીના પતિને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં આ નોટીસ પ્રસિદ્ધ થયેથી ૩૦ દિનમાં વાંધો રજૂ કરવાનો રહેશે. જો કોઈ વાંધો કે તકરાર રજુ નહી થાય તો આગળની યોગ્ય અને ન્યાયીક કાર્યવાહીથી હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તા. ૧૬/૧૧/૨૦૧૭ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | તપાસનાર |
|---|---|---|
| સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| કારકુન | | ના. મામલતદારશ્રી |
| (પી. એમ. ચાવડા) | | (ડી. જે. પંડ્યા) |

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com